# ભારતનાં આ 'છેલ્લાં' સરહદી ગામ ખરેખર 'ફેમસ' છે!




**ચીન સાથેની ભારતની સરહદ હિમાચલ પ્રદેશ અને અરુણાચલ પ્રદેશમાંથી પણ પસાર થાય છે એટલે હિમાચલ પ્રદેશનું ચિત્કુલ અને અરુણાચલ પ્રદેશનાં કાઓ તથા કિબિટ્ટુ ગામ ભારતની ચીન સાથે જોડાયેલી સરહદ પરનાં છેલ્લાં ગામો છે**

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

આ મ તો આ કોલમના નામને સાર્થક કરતાં 'બોર્ડર' એટલે કે સરહદની વાત અહીં વૈવિધ્યપૂર્ણ દૃષ્ટિકોણથી અનેકવાર કરી છે, પણ લેખન અને પત્રકારત્વનાં ક્ષેત્રની અનેક ખાસિયતોમાંની એક ખાસિયત એ છે કે અહીં જે શોધી શકે એના માટે વૈવિધ્યપૂર્ણ દૃષ્ટિકોણ એટલે કે વિવિધ એંગલ્સ ખરેખર અનંત છે.

આ જ તર્જ પર અહીં આજે જે એંગલથી સરહદની વાત કરવી છે તે અંગે શરૂઆતમાં આપણા સૌના શાળાકીય જીવનમાં અને ક્યારેક વળી કોલેજ જીવનમાં પણ આપણા શિક્ષકો અને પ્રોફેસરો તરફથી સાંભળેલું એક વાક્ય અચૂકપણે યાદ આવે છે: 'છેલ્લી બેન્ચે બેસનાર જ સમય જતાં વાસ્તવિક જીવનમાં અવ્વલ આવે એવી સંભાવના પ્રબળ હોય છે.' એ જ રીતે કોલેજમાં કહેવાતું કે બેક બેન્ચર્સ જ સૌથી વધુ ફેમસ થવાના.

અલબત્ત, જીવનના જે સમયગાળાના સંદર્ભમાં આ ટકોર થતી હતી, એ સમયગાળા મુજબ તેની અર્થછાયા કદાચ જુદી-જુદી અને સાપેક્ષ પણ હોઈ શકે, પણ આ વખતે અહીં જે વાત કરવી છે તે સંદર્ભમાં તો તેની અર્થછાયા હકારાત્મક જ છે અને નિરપેક્ષ છે.

હકીકતે ભારતનાં એવાં સરહદી ગામો વિશે વાત માંડવી છે, જે ભારતની જે-તે દેશ સાથે જોડાતી સરહદ પરનાં છેલ્લાં ગામો છે અને આ ગામો છેલ્લાં છે એટલે જ ફેમસ પણ છે. આ વાત કરીએ છીએ ત્યારે પ્રાથમિક માહિતી તરીકે બે વાત ધ્યાનમાં રાખીએ: એક, અહીં છેલ્લાં સરહદી ગામોની વાત કરતાં દેશની માત્ર જમીન સરહદને ધ્યાનમાં લીધી છે અને બે, આ રીતે વિશ્વના કુલ 7 દેશો સાથે ભારતની સરહદ જોડાયેલી છે.

આટલી પૂર્વભૂમિકા અને સ્પષ્ટતા સાથે ભારતનાં આ સરહદી ગામોની વાત કરીએ.

દાઉકી, કિલાપારા, જોગેશગંજ: ભારતની બાંગ્લાદેશ સાથે જોડાયેલી સરહદ પરનાં છેલ્લાં ગામો. દાઉકી મેઘાલયમાં આવેલું છે. બાંગ્લાદેશના તંબોલીથી આ ગામ ઘણું નજીક છે. વળી, અહીંની ઉમંગટ નદી તેના સ્વચ્છ, નિર્મળ પાણી માટે ફેમસ છે. આ ઉપરાંત મેઘાલયનું જ કિલાપારા ગામ તેમજ પશ્ચિમ બંગાળનું જોગેશગંજ ગામ પોતપોતાની વિવિધ ખાસિયતો માટે ફેમસ છે.

માના (ઉત્તરાખંડ), ચિત્કુલ (હિમાચલ પ્રદેશ), કાઓ અને કિબિટ્ટુ (અરુણાચલ પ્રદેશ): ભારતની ચીન સાથે જોડાયેલી સરહદ પરનાં છેલ્લાં ગામો. 3,200 મીટર એટલે કે 10,500 ફૂટની ઊંચાઈ પર બદ્રીનાથની નજીક આવેલું ઉત્તરાખંડનું માના ગામ ભારતનું એક મહત્ત્વનું સરહદી ગામ છે. ચીન સાથેની ભારતની સરહદ હિમાચલ પ્રદેશ અને અરુણાચલ પ્રદેશમાંથી પણ પસાર થાય છે એટલે હિમાચલ પ્રદેશનું ચિત્કુલ અને અરુણાચલ પ્રદેશનાં કાઓ તથા કિબિટ્ટુ ગામ ભારતની ચીન સાથે જોડાયેલી સરહદ પરનાં છેલ્લાં ગામો છે.

લદ્દાખની નુબ્રા વેલીનું થાંગ ગામ, રાજસ્થાનનાં તાનોટ અને લોંગેવાલા ગામ: ભારતની પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદ પરનાં છેલ્લાં ગામો. લદ્દાખની શ્યાંગ નદીના કાંઠે LOCથી માત્ર 2થી 2.5 કિલોમીટરના અંતરે આવેલું લદ્દાખની નુબ્રા વેલીનું થાંગ ગામ ભારતની પાકિસ્તાન સાથેની આ સરહદ પરનું છેલ્લું ગામ છે. એ ઉપરાંત ભારતની પાકિસ્તાન સાથેની સરહદ રાજસ્થાનમાં થઈને પણ પસાર થતી હોવાથી રાજસ્થાનનાં તાનોટ અને લોંગેવાલા પણ રાજસ્થાનમાં પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદ પરનાં છેલ્લાં ગામો છે. રાજસ્થાનનાં આ બંને ગામ 1971ના ભારત-પાક. યુદ્ધ દરમિયાન લાઇમલાઇટમાં રહ્યાં અને પછી એ જ નિમિત્તે ફેમસ પણ થયાં છે.




ગુંજી (ઉત્તરાખંડ): ભારતની નેપાળ સાથે જોડાયેલી સરહદ પરનું છેલ્લું ગામ. ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લાનું ગુંજી ભારત, નેપાળ અને ચીનની સરહદના ત્રિભેટે આવેલું છે. એ ઉપરાંત જ્યાંથી કાલી નદી નેપાળમાં પ્રવેશે છે, એ ધારચુલા ભારત અને નેપાળ વચ્ચેની સરહદ પર આવેલું મુખ્ય સરહદી નગર છે.

નાગાલેન્ડનું લોંગવા ગામ: ભારતની મ્યાંમાર સાથે જોડાયેલી સરહદ પરનું છેલ્લું ગામ. નાગાલેન્ડના મોન જિલ્લામાં આવેલું લોંગવા ગામ એટલા માટે ફેમસ છે કે અહીંના સરપંચના ઘરમાંથી જ ભારત-મ્યાંમાર સરહદ પસાર થાય છે.

પશ્ચિમ બંગાળનું બિંદુ ગામ: ભારતની ભુતાન સાથે જોડાયેલી સરહદ પરનું છેલ્લું ગામ. ભારત-ભુતાન સરહદ પરનું આ બિંદુ ગામ પશ્ચિમ બંગાળના કલિમપોંગ જિલ્લામાં આવેલું છે. આ ગામ અહીંની સરહદી ત્રિભેટા જેવી જલઢાકા નદી માટે ફેમસ છે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે સત્તાવાર રીતે સીધી કોઈ સરહદ નથી, કારણ કે વર્તમાન ભારત-અફઘાનિસ્તાન સરહદ ગિલગિટ-બાલ્ટિસ્તાનમાંથી પસાર થાય છે, જે પ્રદેશ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (POK)માં આવેલો છે.

બોક્સ: જમીન સરહદ થકી ભારત આ 7 દેશો સાથે જોડાયેલું છે

વિશ્વના કુલ 7 દેશો સાથે ભારતની જમીન સરહદ જોડાયેલી છે, જેમાં બાંગ્લાદેશ, ચીન, પાકિસ્તાન, નેપાળ, મ્યાંમાર, ભુતાન અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. આ પૈકી બાંગ્લાદેશ સાથેની ભારતની સરહદ 4,096.7 કિલોમીટર લાંબી છે, જે વિસ્તારની દૃષ્ટિએ સાતેય દેશો પૈકી સૌથી લાંબી સરહદ છે.

એ પછી ચીન સાથેની ભારતની સરહદનો વિસ્તાર 3,488 કિલોમીટર છે. પાકિસ્તાન સાથેની ભારતની સરહદનો વિસ્તાર 3,323 કિલોમીટર છે. નેપાળ સાથેની ભારતની સરહદનો વિસ્તાર 1,751 કિલોમીટર છે. મ્યાંમાર સાથેની ભારતની સરહદનો વિસ્તાર 1,643 કિલોમીટર જેટલો છે. ભુતાન સાથેની ભારતની સરહદનો વિસ્તાર 699 કિલોમીટર છે. અફઘાનિસ્તાન સાથેની ભારતની સરહદનો વિસ્તાર 106 કિલોમીટર છે.

એ રીતે અફઘાનિસ્તાન સાથે જોડાયેલી સરહદ ભારતની સૌથી ટૂંકી આંતરરાષ્ટ્રીય સરહદ છે.







# દર્શકોએ 'ધ વન' અને 'ધ પેરેડાઈઝ' માંથી શું મેળવ્યું?

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

હિ ન્દી ફિલ્મ 'ધ વનઃ ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ' અને દક્ષિણની ફિલ્મ 'ધ પેરેડાઈઝ'ની બોક્સ ઓફિસ પર સારી કહી શકાય એવી શરૂઆત થઈ છે, પણ ફિલ્મો જેટલી અપેક્ષાઓ હતી તે પૂરી કરી શકી નથી. એના કરતાં માર્વેલની બ્લોકબસ્ટર ફિલ્મ 'એવેન્જર્સઃ એન્ડગેમ'ના ફરી રજૂ થયેલા વર્ઝન 'એવેન્જર્સઃ એન્ડગેમ-એન્કોર'એ ભારતમાં વીકએન્ડમાં રૂ. 22 કરોડની કમાણી કરી છે અને દર્શકોની પસંદ પર ખરી ઉતરી છે. જે લોકોએ મૂળ થિયેટર રિલીઝ વખતે આ ફિલ્મ જોઈ ન હતી અથવા જેઓ ફરીથી એ જ જૂની યાદો તાજી કરવા માગે છે, તેમના માટે આ એક સારી તક છે. આ રિ-રિલીઝ પાછળનું મુખ્ય લક્ષ્ય 'અવતાર'ના ઓલ-ટાઈમ બોક્સ ઓફિસ રેકોર્ડને પાછળ છોડવાનું છે. આ 'એન્કોર' વર્ઝનમાં લગભગ પાંચ મિનિટ જેટલું નવું ફૂટેજ ઉમેરવામાં આવ્યું છે, જે માર્વેલની આગામી ફિલ્મ 'એવેન્જર્સઃ ડૂમ્સડે' સાથે સીધું જોડાય છે, જે ડિસેમ્બરમાં રજૂ થવાની છે.

**ફિલ્મ દર્શકોને ડરાવવાને બદલે આગળ શું થશે તે અંગે જિજ્ઞાસા પેદા કરવાનો પ્રયાસ કરે છે**

સિદ્ધાર્થ મલ્હોત્રાની 'ધ વન'માં 'પંચાયત' અને 'ગુલ્લક' જેવી વખણાયેલી શ્રેણીઓના સર્જક દીપક મિશ્રા છે, ત્યારે સ્વાભાવિક રીતે જ એક રસપ્રદ અને આકર્ષક હોરર-કોમેડીની અપેક્ષા હતી. ફિલ્મનો પ્રથમ ભાગ પરિવાર, પ્રકૃતિ, આસ્થા અને વર્ષો જૂની માન્યતાઓની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. વાતાવરણ ઊભું કરવામાં અને પાત્રોને સ્થાપિત કરવામાં ફિલ્મ થોડો સમય લે છે. પ્રથમ ભાગનો પ્રવાહ જેટલો સહજ છે, તેની સરખામણીમાં બીજો ભાગ વિખરાયેલો કે અસંગત લાગે છે. એમાં બિનજરૂરી ગીતો રાખવામાં આવ્યાં છે.

વાર્તા રહસ્ય, લોકકથા અને રોમાંચક ઘટનાઓની આસપાસ ફરે છે. આ ફિલ્મ દર્શકોને ડરાવવાને બદલે આગળ શું થશે તે અંગે જિજ્ઞાસા પેદા કરવાનો પ્રયાસ કરે છે. એ સાથે 'તુમ્બાડ' અને 'કાંતારા' જેવી ફિલ્મોના રસ્તા પર ચાલવાની કોશિશ કરે છે. પરંતુ ઈન્ટરવલ પછી ફિલ્મનો જાદુ થોડો નબળો પડી જાય છે. હોરરના નામે ફિલ્મ બહુ ડરાવતી નથી. તેમ છતાં આખો પરિવાર સાથે બેસીને જોઈ શકે એવી હોવાથી 'ધ વન' બોક્સ ઓફિસ પર સારો પ્રતિભાવ મેળવી રહી છે. ફિલ્મને વીકએન્ડમાં રૂ. 34 કરોડ મળ્યા છે.

સિદ્ધાર્થ મલ્હોત્રા ઋષિના પાત્રમાં થોડી પ્રામાણિકતા લાવે છે અને એક્શન દૃશ્યોમાં પણ પ્રયત્ન કરે છે. તે ક્યાંક શાહરુખના પ્રભાવમાં દેખાય છે. વર્ષ 2014માં આવેલી ફિલ્મ 'એક વિલન'માં સિદ્ધાર્થ મલ્હોત્રાએ એક ઈન્ટેન્સ અને રૉ એક્શનવાળા પાત્રથી દર્શકોના દિલ જીતી લીધા હતા. તે ફિલ્મની સફળતાએ તેને બોલિવૂડમાં એક એક્શન હીરો તરીકે સ્થાપિત કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી. હવે 'ધ વન' દ્વારા સિદ્ધાર્થે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જ્યારે પણ તે એક્શન કે ફેન્ટસી-થ્રિલર શૈલીમાં પરત ફરે છે, ત્યારે દર્શકો તેને થિયેટરોમાં આવકારવા તૈયાર હોય છે. આ ફિલ્મે તેની 'એક્શન હીરો'વાળી છબીને ફરીથી તાજી કરી છે અને બોક્સ ઓફિસ પર સફળતા અપાવી છે.

'ધ વન' સાથે રજૂ થયેલી 'ધ પેરેડાઈઝ'માં અભિનય હોય, ભાવ-અભિવ્યક્તિ હોય, નૃત્ય હોય કે એક્શન - અભિનેતા નાનીએ શાનદાર પ્રદર્શન કરવા માટે પોતાનો જીવ રેડી દીધો છે. ફિલ્મનું સંપૂર્ણ ધ્યાન તેમના પર જ છે અને તેમણે ચોક્કસપણે તેનો ભરપૂર લાભ ઉઠાવ્યો છે. અનુભવી અને વરિષ્ઠ અભિનેત્રી સોનાલી કુલકર્ણીને કદાચ મોટા પડદા પર માતાની સૌથી મહત્વપૂર્ણ અને પ્રભાવશાળી ભૂમિકાઓમાંથી એક ભજવવાની તક મળી છે. તેમણે અત્યંત સમર્પણભાવ સાથે આ ભૂમિકા ભજવી છે. તે આ ફિલ્મનો પ્રાણ બની છે.

જ્યારે અન્ય અભિનેત્રીઓને વધુ પડતી બોલ્ડ રજૂ કરવામાં આવી છે અને ફિલ્મમાં તેમનું કામ ગ્લેમર પૂરતું જ છે. તમન્નાને અભિનય કરતી જોવાની દર્શકોની તમન્ના 'ધ પેરેડાઈઝ'થી પણ પૂરી થઈ નથી. સુનીલ ગ્રોવરનું કામ સૌથી સારું છે.

નિર્દેશક શ્રીકાંત ઓડેલાએ સમજવું જોઈએ કે ત્રણ કલાકની લાંબી ફિલ્મ બનાવવાથી અને વાર્તાને જુદા જુદા ચેપ્ટરમાં વહેંચી દેવાથી એ 'ધુરંધર' બની જતી નથી. આ ફિલ્મ 'KGF' અને 'પેડ્ડી'ના મિશ્રણ જેવી છે, જેમાં હિંસા લાગણીઓ અને વાર્તા પર હાવી થઈ જાય છે. જેમ જેમ વાર્તા આગળ વધે છે, તેમ હિંસાનું પ્રમાણ પણ વધતું જાય છે. અને તે 'નેચરલ સ્ટાર' તરીકે જાણીતા ટોલીવુડ અભિનેતા નાનીની સખત મહેનત, શાનદાર અભિનય અને રોમાંચક એક્શનને નિરર્થક બનાવી દે છે.

એક્શન દૃશ્યોમાં વધતી જતી ક્રૂરતા અને એકસાથે અનેક મુદ્દાઓને સાંકળી લેવાનો પ્રયાસ વાર્તાના મુખ્ય પ્રભાવને નબળો પાડે છે. 'A' સર્ટિફિકેટ ધરાવતી આ ફિલ્મને હિન્દીમાં જોનારા નિરાશ થશે, કેમ કે ઘણા સંવાદો મ્યૂટ કરી દેવામાં આવ્યા છે. ઘણી જગ્યાએ સંગીત એટલું ભયંકર છે કે સંવાદ સંભળાતા નથી!

મોટાભાગના સમીક્ષકોએ એવો મત વ્યક્ત કર્યો છે કે ફિલ્મનો પહેલો ભાગ જ જોવા જેવો છે. બીજો ભાગ જોવાની ઈચ્છા જ થશે નહીં. ફિલ્મની શરૂઆત એવો સંકેત આપે છે કે એમાં સ્ટાઈલ, ઈમોશન અને એક્શન હોવાથી એ 'KGF'ની ટક્કરની નીકળશે. પણ એ પછી બધી અપેક્ષાઓ મનમાં જ રહી જાય છે. ફિલ્મમાં બે વિલન છે, પણ દમ નથી. એના કરતાં એક શ્વાનનું કામ વધુ સારું લાગશે!

**ઓટોગ્રાફ!**

*આજકાલ ફિલ્મોના બોક્સ ઓફિસ પર જે હાલ છે, તે જોઈને લાગે છે કે નિર્માતાઓએ થિયેટરની ટિકિટની સાથે મફતમાં પોપકોર્ન નહીં, પણ એસ્પિરિનની ગોળીઓ આપવી પડશે!*

# એક બેવફા પત્નીને પત્ર..!

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

તા રું નામ પ્રિયા છે એટલે પ્રિયા લખવું પડે છે, પણ હવે ભાવ બદલાઈ ગયો છે. આપણું દાંપત્ય જીવન ભંગાણને આરે આવીને ઊભું છે. તારા વિના મારા દિવસો કેવા જાય છે તેનું વર્ણન કરવું જરૂરી નથી, પણ જીવનના પુનર્વસન અર્થે થોડું આત્મચિંતન જરૂરી છે. તારા તરફથી અનેક અસંતોષો મળ્યા બાદ મેં ઈચ્છ્યું હોત તો લગ્નેતર સંબંધો વિકસાવી શક્યો હોત. પુરુષો માટે એ હાથવગું સમાધાન હોય છે. પણ હું તને વફાદાર રહેવા માગું છું એટલે મેં બીજા પાત્રનો કદી વિચાર કર્યો નથી. તને મેં નજરોનજર તારા પુરુષ મિત્રો જોડે ફરતાં જોઈ છે. બચાવમાં તું કહે છે: 'તે માણસ ફક્ત મારો મિત્ર છે- અન્ય કશું નથી..!' પણ વાદળ ઓથે સૂર્ય છાનો રહી શકતો નથી તેમ તારા દિલમાં ઊગી નીકળેલા આ નવા સંબંધોનો ઝગમગાટ મારાથી છાનો રહી શક્યો નથી. ખૂબ વિચાર્યા પછી લખું છું: તારી શંકાસ્પદ વફાદારી મારા દિલમાં નવો વિશ્વાસ પેદા કરી શકવાની નથી. મારે અત્રે એક બીજી વાત ખાસ લખવી છે. જે કદાચ મારા વિચારો નહીં પણ મારી પ્રકૃતિ છે. તું ભલે મારાથી અલગ વિચાર ધરાવતી હશે છતાં એક વાત તું પણ સ્વીકારીશ કે: 'પ્રાણ અને પ્રકૃતિ છેલ્લે સુધી સાથે જીવે છે. પતિ-પત્નીના દિલમાં જે ક્ષણે અન્ય પાત્ર માટે કૂણી લાગણીનો પ્રથમ અંકુર ફૂટે તે ક્ષણથી જ દાંપત્ય જીવનમાં બેવફાઈનું ખાતમુહૂર્ત થઈ જાય છે. એ કમનસીબ ક્ષણ આગળ જતાં છૂટાછેડામાં પરિણમે છે.

**પતિ-પત્નીના દિલમાં જે ક્ષણે અન્ય પાત્ર માટે કૂણી લાગણીનો પ્રથમ અંકુર ફૂટે તે ક્ષણથી જ દાંપત્ય જીવનમાં બેવફાઈનું ખાતમુહૂર્ત થઈ જાય છે**



આપણાં વિકટ સંજોગોને કારણે આપણે છૂટા થઈ શકીએ એમ નથી. એથી મને લાગે છે કે તમામ પ્રતિકૂળતાઓ વેઠીને સહજીવન જીવી લઈએ એ જ સમયની માંગ છે.

આપણાં મનદુ:ખો, વિખવાદો, મતભેદો અને વૈચારિક વૈમનસ્યોએ આપણને બન્નેને દંપતીમાંથી દુશ્મન બનાવી દીધાં છે. સ્ત્રી પોતાના સૌંદર્યની ઊણપને દેહસજાવટથી પૂર્ણ કરી શકે છે. તું ભલે સુંદર નથી પણ તેથીય વધુ દુ:ખ મને એ વાતનું છે કે તારા નબળા સૌંદર્ય પ્રત્યે તું દુર્લક્ષ સેવે છે. હું મૂળથી જ વાસ્તવવાદી છું. એ કારણે અન્ય સ્ત્રીઓની સુંદરતા જોઈ આનંદ પામું છું. અને તે સૌંદર્ય તારામાં જોવા ઝંખું છું. એ વાત મેં વારંવાર તને નિખાલસ ભાવે જણાવી છે. પણ ક્યારેક એવું લાગે છે કે તું પ્રયાસપૂર્વક તારું અસૌંદર્ય જાળવી રાખે છે. હું જાણતો નથી તેમ કરવાથી તને કયો આનંદ મળતો હશે..? (કદાચ નફરત કરવાની તારી એ મૌલિક રીત હશે!)

તું કહે છે તને સજાવટ કે શણગારને બદલે સાદાઈ વધુ ગમે છે. ગઈ કાલે તેં દલીલ કરી કે તમને ગમતી સાડી મને ના ગમતી હોય તો મારે તે શા માટે પહેરવી જોઈએ..? હું તમને ધોતિયું પહેરવા કહું તો તમે પહેરશો?' તારી આવી દલીલો કેવળ છીછરા શાબ્દિક ચાતુર્ય સિવાય કશું નથી. શું મેં તને મારી તારી પ્રતિભા બગડે એવાં વસ્ત્રો પહેરવા કદી કહ્યું છે ખરું..? તું સાડી, મિડી કે સલવાર-કમીઝ પહેરીશ તો એવી વિચિત્ર નહીં લાગીશ જેટલો હું ધોતિયું પહેરવાથી લાગીશ..! હવે તો આદિવાસીઓ પણ ધોતિયું નથી પહેરતાં. આ ન સમજાય એવી વાત નથી, પણ જેણે કલહ જ કરવો હોય તેને કોણ સમજાવી શકે?

અંતે એક બીજી વાત જણાવી દઉં. સમાજના હજારો પતિઓની જેમ મને સ્વાદિષ્ટ ભોજન ગમે છે. શું તે અપરાધ છે? ઘણાં પરિવારોમાં આવું બને છે. તારી અને મારી પસંદગી એકસરખી ન હોય તે ગુનો કે અપરાધ નથી. મોટા ભાગના પરિવારોમાં છોકરીને રાંધતા આવડતું નથી કેમકે આજે ભણતરનો યુગ છે. એથી ભવિષ્યમાં ઓછા ભણતરને કારણે સામા પાત્રને વાંધો ન પડે તે માટે લોકો છોકરીઓને વધુ ભણાવતા હોય છે. એથી છોકરીઓ ભણીગણીને પૂરી ઘરરખ્ખુ ન બની જાય ત્યાં સુધી માબાપ તેને ભણાવ્યે રાખે છે. ઘણી વાર તો પરણેલી છોકરીને પણ તેનું ભણતર ઓછું લાગતાં ખુદ સાસરિયાઓ ફરીથી ભણાવે છે. હું સમજી શકું છું કે તને પૂરતું શિક્ષણ મળ્યું નથી, પણ તે સ્વીકારી લઈને ભૂલ્યા ત્યાંથી ફરી ગણવાનું વલણ રાખવાને બદલે તું આક્ષેપ કરે છે કે- "મને જીભનો ચટાકો છે..!" - એવા વ્યર્થ દોષારોપણનો કોઈ અર્થ નથી. એકાદ વાર તેં રસોયણ રાખવાનું સૂચન કરેલું અને મેં તરત તારો પ્રસ્તાવ સ્વીકારી લીધેલો. પણ રસોયણના સ્વભાવ સાથે તારો મેળ ન ખાધો. વળી તારે તો માત્ર રસોઈ કરવાની હોય છે. બીજા કામો માટે તો બીજી કામવાળી આવે જ છે. મારા ટૂંકા પગારમાં આપણને બે-ત્રણ કામવાળી શી રીતે પરવડે? માત્ર રસોઈનું એકમાત્ર કામ તારે કરવાનું રહે છે તે પણ તું નહીં કરી શકે? એ ન ભૂલીશ કે વિજાતીય પ્રેમ કે વિજાતીય મૈત્રી બધું જ ઘર બહારથી પ્રાપ્ત થઈ શકે પણ દાંપત્ય જીવનમાં પતિ-પત્નીના પવિત્ર સંબંધો એ સર્વ સંબંધોથી અદકેરાં હોય છે. સંસાર એ સચ્ચાઈ પર જ ટક્યો છે.

**ધૂપછાંવ**

*મારી અપેક્ષાઓ મેં મારી આવકને હિસાબે રાખી છે. નાની નાની બાબતોથી હું ખુશ રહી શકું છું. મારી અંતિમ વિનંતી આ પત્રમાં લખું છું: ફિલ્મ 'મધર ઈન્ડિયા'નું એક ગીત આ ક્ષણે યાદ આવે છે: 'દુનિયામેં હમ આયેં હૈં તો જીના હી પડેગા... જીવન હૈ અગર ઝહર તો પીના હી પડેગા..! કદાચ ભેગા થયા પછી પણ સુખી થઈ જઈશું એમ નથી કહેતો પણ કોણ જાણે કયા વિશ્વાસના બળે એવું લાગી રહ્યું છે કે કુદરત આપણને એકમેકથી અલગ થતાં જરૂર બચાવી લેશે. બાય...!*